પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day :SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

CM DIWALI GREETINGS

દેશ અને વિશ્વભરમાં પ્રકાશના પર્વ દિવાળીની આજે ઉજવણી થઈ રહી છે. રાજ્યપાલ આચર્ય દેવવ્રતે સોશિયલ મીડિયા સંદેશમાં રાજ્યના સૌ નાગરિકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સૌને દિવાળીની શુભેચ્છાઓ પાઠવતા સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, દિવાળી એ ઘરઆંગણે રોશની પાથરવાનો ઉત્સવ તો છે જ.. એથી પણ વધુ એ સમાજમાં માનવતાનો દીપક પ્રગટાવવાનું પર્વ પણ છે. અને એથી પણ વિશેષ એ આંતરિક જગતમાં રાગ–દ્વેષના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ આગળ વધવાનો અવસર છે. તમસો મા જ્યોતિર્ગમય.

અંતરમનમાં ઘરઆંગણમાં અને સમસ્ત જગતમાં નકારાત્મક શક્તિઓનો નાશ થઈ પ્રેમભાવનો દીપક પ્રજવલિત થાય અને સૌ સુખ, શાંતિ, સમૃદ્ધિને પામે. સર્વ જીવોનું કલ્યાણ થાય એ જ ઈશ્વરને પ્રાર્થના.

RJK CHOPDA POOJAN

દિવાળીના પાવન દિવસે આજે રાજકોટના સ્વામિનારાયણ મંદિરમાં સામૂહિક ચોપડા પૂજન કરાયું, જેમાં બે હજાર 500થી વધુ વેપારીઓ અને ઉદ્યોગપતિઓ જોડાયા હતા. તમામ વેપારીઓએ પરંપરાગત હિસાબ પુસ્તકો અને લેપટોપની પૂજા કરી નવા નાણાકીય વર્ષમાં સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. આ અંગે વેપારી અમિત ટાંકે પ્રતિક્રિયા આપી.

(BYTE: AMIT TANK, BUSINESSMAN)

તો, ગાંધીનગરના પ્રસિદ્ધ મહુડી જૈન તીર્થધામમાં આજે વિશેષ પૂજા અને યજ્ઞનું આયોજન કરાયું છે. વર્ષમાં આજના દિવસે મંદિરમાં ભગવાન ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિને નવું સોનાનું વરખ અર્પણ કરાશે. આજે ભક્તોને ભગવાન ઘંટાકર્ણ મહાવીરની સોનાના વરખ વગરની પ્રતિમાના દર્શન થાય છે. વર્ષમાં એકવાર યોજાતા પરંપરાગત હવનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા છે.

JAMNAGAR FIRE ALERT

જામનગર શહેરમાં દિવાળી દરમિયાન કટોકટીની સ્થિતિને પહોંચી વળવા ફાયર વિભાગ એલર્ટ છે. ફાયર ઓફિસર અનવર ગજ્જરે જણાવ્યું હતું કે શહેરના મુખ્ય સ્થળોએ 130 કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે, આગની ઘટનાઓને રોકવા માટે ટીમો 24 કલાક ખડેપગે રહેશે.

(બાઇટ : અનવર ગજ્જર, ફાયર ઓફિસર)

PANCHMAHAL GOLD

પંચમહાલ જિલ્લામાં ધનતેરસના પર્વે સોના-ચાંદીના બજારમાં ભારે તેજી જોવા મળી હતી. ભાવમાં ઘટાડો થતાં વહેલી સવારથી જ જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહકોની ભીડ ઉમટી હતી. વેપારીઓના જણાવ્યા અનુસાર, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ઘરાકી બમણી રહી છે. લોકોએ સોના-ચાંદીના સિક્કા, લગડી અને પરંપરાગત દાગીનાની ખરીદી કરી હતી. સમગ્ર જિલ્લામાં એક જ દિવસમાં આશરે 15થી 20 કરોડ રૂપિયાનું વેચાણ થયાનો અંદાજ છે.

TAPI CYBER

તાપી જિલ્લા સાયબર ગુના પોલીસે છેતરપિંડી કરતી ટોળકીનો મુખ્ય આરોપી ઝડપી પાડ્યો છે. તેણે જીવન વીમા પોલિસીઓના નાણાં પરત આપવાના બહાને 45 લાખ રૂપિયા પડાવી લીધા હતા. પોલીસે આ આરોપીની મધ્યપ્રદેશના ઇન્દોરથી ધરપકડ કરી. આ અંગે સાયબર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MORBI NILGAY

મોરબી જિલ્લાના હળવદના અમરાપર પાસેથી નીલગાયનો શિકાર કરતી ટોળકીનો એક શખ્સ ઝડપાયો છે. ધુડખર અભયારણ્યમાં નીલગાયની પજવણી બાદ શિકાર થયાનો વીડિયો વાયરલ થતાં વન વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે અન્ય શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

BVR RAILWAY LIFT SEVA

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના રાણપુર રેલવેમથક પર મુસાફરોની સુવિધા માટે લિફ્ટ સેવા શરૂ કરવામાં આવી. તેનાથી ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો તથા ચાલવા-ફરવામાં મુશ્કેલી અનુભવતા મુસાફરોને પ્લેટફૉર્મ સુધી આવવા-જવામાં ઘણી સુવિધા મળશે.